# મહિસાગર જિલ્લાના કોઠંબામાં ડૉ. બાબા સાહેબ આંબેડકર પ્રતિમાનું અનાવરણ કરતા મુખ્યમંત્રી

**દુનિયાનું શ્રેષ્ઠ સંવિધાન આપનારા બાબા સાહેબની ઉપેક્ષા આઝાદીના પાંચ દાયકા સુધી શાસન કરનારી કોંગ્રેસે કરી છે**

ગાંધીનગર, તા. ૨

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ મહિસાગર જિલ્લાના કોઠંબામાં ભારત રત્ન ડૉ. બાબા સાહેબ આંબેડકરની પ્રતિમાનું અનાવરણ કરતાં સ્પષ્ટપણે કહ્યું કે સામાજિક સમરસતા, એકતા, ભાઈચારાની પ્રેરણા આપતા આપણા શ્રેષ્ઠ સંવિધાન ઘડવૈયા ડૉ. આંબેડકરની આઝાદીના પાંચ-સાડા પાંચ દાયકા સુધી શાસન કરનારી કોંગ્રેસે સતત ઉપેક્ષા જ કરી છે.

તેમણે જણાવ્યું કે જો આ બંધારણ બાબા સાહેબે ન આપ્યું હોત તો દેશમાં તમામને સાથે લઈને, સૌના સમાન હક-સમાન તક અને સર્વાંગી વિકાસ સાકાર જ ન થયો હતો.

મુખ્યમંત્રીએ આક્રોશ સાથે કહ્યું કે આવા શ્રેષ્ઠત્તમ સંવિધાનથી લોકશાહિની જ્યોત સતત પ્રજ્વલિત રાખનારી ભાજપાની નરેન્દ્રભાઈ મોદી સરકારનો વિરોધ માત્ર રાજકીય સ્વાર્થ સાધવાને રાજકીય રોટલા શેકવા કોંગ્રેસ કરી રહી છે. વિજયભાઈ રૂપાણીએ ઉમેર્યું કે આપણા લોકશાહી રાષ્ટ્રમાં પ્રજા જ સર્વોપરી છે. તેને ન્યાયપાલિકા સાથે જોડીને તથા હરેક વ્યકિતને વાણી, અભિવ્યકિત, વેપાર-રોજગાર, મિલ્કત વગેરેનું સ્વાતંત્ર્ય આપીને મૂળભૂત માનવીય અધિકારો બંધારણમાં નિહિત કરાયેલા છે.

''લોકશાહિમાં પ્રજાકીય જનાદેશથી ચૂંટાયેલી સરકારોને ભૂતકાળમાં સંવિધાનના દુરૂપયોગથી દૂર કરવાનું પાપ કરનારી કોંગ્રેસના મોઢામાં સંવિધાન બચાવોની વાત શોભતી નથી'' એમ વિજયભાઈ રૂપાણીએ કોંગ્રેસ પર આકરા સરસંધાન તાકતા જણાવ્યું હતું.

મુખ્યમંત્રીએ વિશાળ જનસભાને સંબોધતા કહ્યું કે ડૉ. આંબેડકર માત્ર દલિતો-વંચિતોના જ નેતા કે રાજપુરૂષ નહિ, સમગ્ર ભારતના તમામ સમાજના રાજપુરૂષ છે. સામાજિક સમરસતાનું શ્રેષ્ઠ ઉદાહરણ છે.

બાબા સાહેબે શિક્ષિત બનો, સંગઠિત બનો, સંઘર્ષ કરોની પ્રેરણા આપી પીડિત, શોષિત, વંચિત, સૌને અધિકારો આપવાનું કામ કરેલું છે અને તેથી જ બાબા સાહેબ સદાકાળ અજરા-અમર સૂરજ-ચાંદની જેમ રહેવાના છે એમ તેમણે ડૉ. બાબા સાહેબને ભાવાંજલિ આપતા ઉમેર્યું હતું.

# વિધાનસભાનું સત્ર ૧૦મીએ યોજાશે

**પાક, બાંગ્લા, અફઘાનમાંથી આવેલા ત્યાંના લઘુમતિઓને નાગરિકતા આપવા માટે કેન્દ્રના નિર્ણયને સમર્થન અપાશે**

ગાંધીનગર, તા. ૨

વૈધાનિક અને સંસદીય બાબતોના વિભાગના રાજ્ય કક્ષાના મંત્રી પ્રદિપસિંહ જાડેજાએ જણાવ્યું છે કે પાકીસ્તાન, બાંગ્લાદેશ અને અફઘાનિસ્તાનમાંથી આવેલા ત્યાંના લઘુમતિ સમુદાયોને ભારતનું નાગરિકત્વ આપવા માટેના કેન્દ્ર સરકારના ઐતિહાસિક નિર્ણયને વિધાનસભામાં સમર્થન અપાશે. અનુસૂચિત જાતિ અને જનજાતિની બેઠકોના આરક્ષણ માટેના કરાયેલા ઐતિહાસિક સુધારાને પણ બહાલી આપવા માટે ગુજરાત વિધાનસભાનું સત્ર આગામી તા. ૧૦મી જાન્યુઆરી ૨૦૨૦ના રોજ બોલાવવાનું રાજ્યપાલશ્રી દ્વારા આહવાન કરવામાં આવશે. મંત્રી જાડેજાએ ઉમેર્યું કે બંધારણના આર્ટીકલ ૧૭૬ની જોગવાઈ મુજબ નવા વર્ષના પ્રથમ સત્રનો શુભારંભ રાજ્યપાલના સંબોધનથી થશે. ત્યારબાદ રાજ્યપાલના પ્રવચન પરના આભાર પ્રસ્તાવની દરખાસ્ત લાવીને રાજ્યપાલશ્રીનો આભાર વ્યક્ત કરાશે. જાડેજાએ ઉમેર્યું કે અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિની બેઠકો માટેનું આરક્ષણ તથા એંગ્લો ઈન્ડીયન જાતિનું પ્રતિનિધિત્વને વધુ ૧૦ વર્ષ માટે લંબાવવાના આશયથી ભારતના બંધારણમાં ૧૨૬મો સુધારો કરતો ખરડો સંસદના બંને ગૃહો દ્વારા પસાર કરવામાં આવ્યો છે. આ સુધારાને ભારતના બંધારણના આર્ટીકલ ૩૬૮ની જોગવાઈ મુજબ ઓછામાં ઓછા ૫૦ ટકા રાજ્યોના વિધાન મંડળો દ્વારા બહાલી મળવી જરૂરી છે. આવી બહાલી મળ્યા બાદ જ રાષ્ટ્રપતિશ્રીની મંજૂરી માટે ખરડો મોકલી શકાય એવી જોગવાઈ હોઈ, ગુજરાત વિધાનસભામાં રાજ્યપાલના આભાર પ્રસ્તાવ બાદ આ સુધારાને સભાગૃહની બહાલી આપવા પ્રસ્તાવ લાવવામાં આવશે.

શ્રી જાડેજાએ ઉમેર્યું કે દેશની લોકસભામાં અને રાજ્ય સભામાં પાકીસ્તાન, બાંગ્લાદેશ અને અફઘાનિસ્તાનમાં વસતા ત્યાંના લઘુમતી સમુદાય (હિન્દુ, પારસી, શીખ, બૌધ્ધ, ખ્રિસ્ત્રી, જૈન) કે જેઓ ભારતમાં ૩૧ ડીસેમ્બર ૨૦૧૪ પહેલાથી વસવાટ કરે છે તેમને ભારતનું નાગરિકત્વ આપવા માટેના ઐતિહાસિક નિર્ણય કરાયો છે. આનાથી ભારતના લઘુમતિ સમુદાયને કે તેમના નાગરિકત્વ પર કોઈ અસર થવાની નથી. કેન્દ્ર સરકાર દ્વારા લેવાયેલા આ ઐતિહાસિક નિર્ણયને સમર્થન આપવા માટે વિધાનસભા સત્રમાં આ અંગેનો પ્રસ્તાવ લાવવામાં આવશે તેમ તેમણે ઉમેર્યું છે.

# રાજ્યમાં ચાઈનીઝ તુક્કલ અને દોરી પર પ્રતિબંધ

**ઉત્તરાયણ તહેવારો દરમિયાન ચાઇનીઝ તુક્કલ – માંઝાથી માનવ-પશુ-પક્ષી જાનહાનિ અને ઇજા નિવારવાના અભિગમથી તાત્કાલિક અસરથી પ્રતિબંધનો મુખ્યમંત્રીશ્રીનો નિર્ણય**

ગાંધીનગર, તા.૨

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ સમગ્ર રાજયમાં ચાઈનીઝ તુકકલ અને ચાઈનીઝ માંઝા / પ્લાસ્ટિક દોરીના ઉપયોગ ઉપર તાત્કાલિક અસરથી પ્રતિબંધ મૂકવાના આદેશો કર્યા છે.

ઉત્તરાયણના તહેવારો દરમિયાન આવી ચાઈનીઝ તુકકલ અને માંઝા/પ્લાસ્ટિક દોરીના ઉપયોગથી માનવ-પશુ-પક્ષીને થતી જાનહાનિ, ઈજાઓ નિવારવાના સંવેદનાસ્પર્શી ભાવથી તેમણે આ નિર્ણયના ચુસ્ત અમલ માટે સૂચનાઓ આપી છે. ગુજરાતમાં સી.આર.પી.સી.ની કલમ ૧૪૪ અન્વયે આ પ્રતિબંધ ફરમાવવામાં આવ્યો છે. અત્રે એ નિર્દેશ કરવો જરૂરી છે કે, ઉત્તરાયણના તહેવારો દરમિયાન રાજયભરમાં પતંગ રસિકો મોટાપાયે પતંગ ચગાવતા હોય છે. આવા પતંગ ચગાવવામાં ચાઈનીઝ દોરી તરીકે પ્રખ્યાત ચાઈનીઝ માંઝા/પ્લાસ્ટીક દોરી માનવજીવન, પક્ષીઓ તેમજ પર્યાવરણ માટે ખતરારૂપ છે.

આવી બનાવટથી ઘણીવાર પ્રાણઘાતક ઈજાઓ પણ થાય છે. એટલું જ નહિ, આવી ચાઈનીઝ માંઝા/પ્લાસ્ટીક દોરી લાંબા સમય સુધી કુદરતી રીતે નાશ પામતી નથી અને ગટરો-ડ્રેનેજમાં તે જવાથી ગટરો –ડ્રેનેજ જામ થઈ જાય છે.

તદઉપરાંત વીજલાઈન અને સબસ્ટેશનમાં આવી દોરી ભરાઈ જવાથી કે પતંગ ભરાવાથી વીજ ફોલ્ટ પણ થાય છે. ગાય કે અન્ય પ્રાણીના પેટમાં ખોરાક સાથે ચાઈનીઝ પતંગ-તુકકલ કે દોરી જવાથી ઘણીવાર આફરો-ગભરામણથી પશુ મૃત્યુની ઘટનાઓ રાજ્યમાં બનતી હોય છે.

આ ઉપરાંત ઉત્તરાયણના દિવસોમાં રાત્રિના સમયે સ્કાય લેન્ટર્ન-ચાઈનીઝ તુકકલ ઉડાડવાને કારણે તે કોઈ વસ્તુ સાથે અકસ્માતે અથડાય તો આગ લાગવાના બનાવો બને છે. આ બધી જ બાબતોને વ્યાપક જનહિતમાં ધ્યાને લઈને ચાઈનીઝ તુકકલ, ચાઈનીઝ માંઝા / પ્લાસ્ટિક દોરીની ખરીદી, સંગ્રહ, વેચાણ અને ઉપયોગ ઉપર રાજ્ય સરકારે તત્કાલ અસરથી પ્રતિબંધ ફરમાવ્યો છે.

## ધાનેરા તાલુકા શેરા ગામે તીડથી કંટાળી

# ખેડૂતે પોતાના ખેતરમાં ઉભેલા રાયડાના પાકમાં ટ્રેક્ટર ફેરવ્યુ

તીડ ને લઈ બનાસકાંઠા જિલ્લા ના ખેડૂતો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે અને તીડ ખેડૂતો નો ઉભો પાક ખાઈ જતા ખેડૂતો ને રાતા પાણીએ રોવાનો વારો આવ્યો છે ત્યારે ધાનેરા તાલુકા ના સેરા ગામ ના એક ખેડૂતે પોતાના ખેતર માં વાવેલા પાક પર ટેકટર ફેરવી દીધું છે સેરા ગામ ના પાંચા ભાઈ દેસાઈ એ પોતાના ખેતર માં પાંચ વિઘા જમીન રાયડા ના ફુલ તીડ એ ખાઈ જતા પાક નિસફળ જવા પામ્યો હતો ઉપજ માં કઈ પણ બચ્યું નહોતું પરિણામે ઉભા પાક પર ટેકટર ફેરવી દીધું છે બનાસકાંઠા માં તીડ ના લીધે કરોડો રૂપિયા નું નુકશાન ખેડૂતો ને થયું છે જે બાબતે સરકાર કઈક સહાય આપશે એવી અપેક્ષા રખાઈ રહી છે

# ધાનેરા ખાતે રેલવે પુલની કામગીરી ગોકળ ગાયની ગતિએ

ધાનેરા ખાતે રેલવે પુલની કામગીરી ગોકળ ગાય ની ગતિ એ ચાલી રહી છે ત્યારે હજુ સુધીમાં માત્ર ૨૦ ટકા જેટલું જ કામ પૂર્ણ થયું છે અને આટલું ઓછું હોય તેમ રેલવે પુલ માટે નવા બંધાયેલ પુલના પીલ્લર તોડી પાડવાની કામગીરી શરૂ કરાતાં ધાનેરાવાસીઓનાં દિમાગ ચક્કર ખાઈ રહ્યા છે.

ધાનેરા બનાસકાંઠા જિલ્લાનો એવો તાલુકો છે કે જ્યાં વિવાદનો અંત જલ્દી આવતો નથી.ધાનેરા શહેરમાં પ્રવેશતા રેલવે પુલ પસાર કર્યા બાદ થરાદ અને રાજસ્થાન રાજયમાં પ્રવેશ કરી શકાય છે.પરંતુ જેમ જેમ સમય બદલાતો ગયો અને વસ્તી તેમજ વાહન વ્યવહારમાં વધારો થતાં રેલવે પુલ પર ટ્રાફિકની સમસ્યા રોજિંદી બની જતાં ધાનેરાના રેલવે પુલને પહોળો કરવા નગરજનોએ આંદોલન છેડી કેન્દ્ર સરકાર સુધી રજુઆત કરી આ સમસ્યાનો કાયમી ઉકેલ લાવવા માંગણી કરતાં આખરે ધાનેરા ખાતેના રેલવે પુલને પહોળો કરવાની મંજૂરી મળી હતી અને માર્ચ - ૨૦૧૮ માં નવા પુલના બાંધકામ માટે વર્ક ઓર્ડર અપાતાં ધાનેરાના નાગરિકો હરખાઈ ઊઠ્યાં હતા અને ધાનેરાની આ વર્ષોજૂની સમસ્યા હલ થશે તેવા વિશ્વાસ સાથે બે વર્ષમાં પુલનું કામ પૂર્ણ થશે તેવા બુલંદ વિશ્વાસ સાથે નગરજનોએ સરકારનો આભાર માન્યો હતો.

બીજી તરફ ગત વર્ષે નવેમ્બર માસથી પુલના પુલ્લારોનું કામ શરૂ કરાયા બાદ બે માસના સમયગાળામાં પુલની બન્ને બાજુ આરસીસીના પુલ તૈયાર કરાયા હતા. જોકે પીલ્લરો તૈયાર થાય એ પહેલાં રેલવે પુલ પર રાજકારણ પણ શરૂ થતાં અને એક પછી એક રજુઆતોનો દૌરશરૂ થતાં નવા પુલનું કામ ખોરંભે ચડ્યું હતું. આજની સ્થિતિએ દોઢ વર્ષ જેટલો સમય વીતવા આવ્યો હોવા છતાં રેલવે પુલનું કામ સાવ ગોકળગતિ ગાયની ગતિએ ચાલી રહ્યું હોઈ ધાનેરાના નાગરિકો પણ હવે પુલની ઢીલી કામગીરી સામે ભારે રોષ વ્યક્ત કરી રહ્યા છે. ધાનેરા નજીક આવેલા ડીસા શહેરમાં પણ હાલ બ્રિજનું કામ ચાલુ છે.

ડીસાના ઓવરબ્રિજમાં ધાનેરાના રેલવે પુલ કરતાં ૧૦ ગણું વધુ બાંધકામ થનાર છે. જો કે ડીસામાં ઓવરબ્રિજનું કામ યુદ્ધના ધોરણે ચાલુ છે.જ્યારે ધાનેરા ખાતે રેલવે પુલના નિર્માણ માટે બંધાયેલ પિલ્લર પણ તોડી પાડવાની કામગીરી હાથ ધરાતાં અચરજ સર્જાયું છે. આ પુલના કામ માટે વર્ક ઓર્ડર અપાયાને બે વર્ષ પૂર્ણ થવા છતાં રેલવે પુલનું કામ હજુ અડધું પણ પૂર્ણ થયું નથી.

# પોલીસની અલગ ઓળખ માટે ગણવેશમાં હવે એકસમાન બેઝ

**ગુજરાત પોલીસના લોગોનું સોલ્ડર એમ્બ્લમ લગાવાશે**

અમદાવાદ, તા. ૨

ગૃહ રાજ્ય મંત્રી શ્રી પ્રદિપસિંહ જાડેજાએ જણાવ્યું છે કે, ગુજરાત પોલીસની એક આગવી ઓળખ ઉભી થાય તે માટે પોલીસના ગણવેશમાં એક સમાન જીપી (ગુજરાત પોલીસ) બેઝ અને ગુજરાત પોલીસના લોગોનું સોલ્ડર એમ્બ્લમ લગાવવાનો રાજ્ય સરકારે મહત્વનો નિર્ણય કર્યો છે. મંત્રીશ્રી જાડેજાએ ઉમેર્યું કે, ગુજરાત પોલીસદળના લોકરક્ષક / પોલીસ કોન્સ્ટેબલ / હેડ કોન્સ્ટેબલના યુનિફોર્મમાં અલગ-અલગ ડીસ્ટ્રીક્ટ બેઝમાંથી કોમન જીપી (ગુજરાત પોલીસ) બેઝ અંગેની એકસુત્રતા જળવાય અને અન્ય રાજ્યોમાં સુનિશ્ચિત ઓળખ પ્રસ્થાપિત થાય તે માટે ગુજરાત પોલીસ જિલ્લા વાઈઝ અલગ-અલગ બેઝની જગ્યાએ સમગ્ર ગુજરાત રાજ્ય પોલીસ માટે એક સમાન જીપી (ગુજરાત પોલીસ) બેઝ લાગવવા ગણવેશમાં સુધારો કરવાની તેમજ માનનીય રાષ્ટ્રપતિશ્રી દ્વારા એનાયત કરાયેલ પોલીસ નિશાનને યુનિફોર્મમાં સામેલ કરવા સોલ્ડર એમ્બ્લમ લગાવવાની મંજૂરી આપવામાં આવી છે.

તેમણે ઉમેર્યું કે, હવે ગુજરાત પોલીસના જિલ્લા વાઈઝ અલગ-અલગ બેઝની જગ્યાએ સમગ્ર ગુજરાત રાજ્ય પોલીસ માટે એક સમાન જીપી (ગુજરાત પોલીસ) બેઝ તથા ગુજરાત પોલીસનો લોગોને સોલ્ડર એમ્બ્લમ તરીકે લગાવવામાં આવશે. તેમજ નેઈમ પ્લેટમાં કર્મચારીના જીલ્લાનું નામ રાખવામાં આવશે તેમ તેમણે જણાવ્યું છે.

# વડગામના નાંદોત્રામા પાંચ આર્મી જવાનોનું ગ્રામજનો દ્વારા સ્વાગત

વડગામ,

વડગામ તાલુકાના નાંદોત્રા ગામના પાંચ જવાન આર્મી માંથી

સેવા નિવૃત થતાં ગ્રામજનો દ્વારા પાંચેય જવાનોનું હર્ષભેર સામૈયું કરીને ગામમાં આનંદોત્સવ સાથે સ્વાગત કરવામાં આવ્યું હતું.

વડગામ તાલુકાના નાંદોત્રા ગામના પાંચ જવાન દેશની રક્ષા માટે આર્મીમાં ફરજ બજાવતા હતા.જેઓ સેવા નિવૃત્ત થતાં તેઓ ગુરુવારે પોતાના માદરે વતન નાંદોત્રા માં આવતા ગ્રામજનો દ્વારા ભવ્ય સામૈયું કરીને સ્વાગત કરવામાં આવ્યું હતું. જેમાં નિવૃત્ત થયેલા મુકેશ કુમાર રાયસંગભાઈ ચૌધરી, દીપક કુમાર વિરાભાઈ શ્રીમાળી, મુકેશ કુમાર વશરામભાઈ પરમાર, જીવાભાઈ રામજીભાઈ પરમાર, પૂંજાભાઈ રામજીભાઈ પરમાર, બાબુભાઈ મગનભાઈ પરમાર, ઈસુબખાન સુમરા સહિત જવાનોનું સ્વાગત કર્યું હતું. નાંદોત્રા ગ્રામજનો દ્વારા છાપી ગામ સુધી પહોંચી ને આ પાંચેય જવાનોને ખુલ્લી ગાડીમાં ડી. જે. સાથે વરઘોડા સાથે નાંદોત્રા ગામમાં લાવીને સમગ્ર ગ્રામ જ નોએ વાજતે ગાજતે સ્વાગત કરાયું હતું.

## પાલનપુરના ખોડલાના

# બીએસએફના જવાનનો પાર્થિવ દેહ પંચમહાભૂતિમાં વિલીન

**અંતિમયાત્રામાં જન સૈલાબ જોડાયો**

પાલનપુર

પાલનપુર તાલુકાના ખોડલા ગામના બીએસએફમાં ફરજ બજાવતા જવાનનું ફરજ દરમિયાન આકસ્મિક નિધન થતા ગામમાં શોકની લાગણી છવાઈ જવા પામી છે. આ જવાનના નશ્વર દેહને ગુરૂવારે માદરે વતન લવાયો હતો. જવાનની અંતિમ યાત્રામાં મોટી સંખ્યામાં લોકો જોડાયા હતા. ડીજે ઉપર દેશભક્તિના ગીતો સાથે જવાન અમર રહોના નારા અને ગાર્ડ ઓફ ઓનર સાથે અંતિમવિધિ કરવામાં આવી હતી.

પાલનપુર તાલુકાના ખોડલા ગામના સરદારભાઈ ભેમજીભાઈ ચૌધરી(બોકા) બીએસએફમાં ફરજ બજાવતા હતા. દરમિયાન મેઘાલયની તુરા બોર્ડર પર ફરજ બજાવતા તેમનું આકસ્મિક નિધન થયું હતું. જેમના મૃતદેહને વિમાન માર્ગે ગુવાહટીથી દિલ્હી ત્યાંથી અમદાવાદ અને ત્યાંથી બીએસએફ દ્વારા સડક માર્ગે પાલનપુર થઈ માદરે વતન ખોડલા લાવવામાં આવ્યો હતો. જ્યાં પાલનપુરથી ખોડલા સુધી અંતિમયાત્રા નિકાળવામાં આવી હતી. જેમાં જાણે જન સૈલાબ જોડાયો હોય તેમ ખોડલા તેમજ આજુબાજુના ૧૫ ગામના લોકો હાથમાં તિરંગા સાથે જોડાયા હતા. ખોડલાના પાટિયાથી ગામ સુધી દોઢ કિલોમીટર લાંબી અંતિમયાત્રામાં જવાન અમર રહો... ભારત માતા કી જય...ના નાદ ગુંજી ઉઠ્યા હતા. જવાનના ઘરે મરણ વિધિ કર્યા બાદ પાર્થિવ દેહને સ્મશાનમાં લઈ જવાયો હતો. જ્યાં દાંતીવાડા બીએસએફના જવાનોએ ગાર્ડ ઓફ ઓનર આપ્યું હતું. અને સન્માન સાથે અંતિમવિધિ કરવામાં આવી હતી. જવાનનો પાર્થિવ દેહ પંચમહાભૂતિમાં વિલીન થયો હતો.

## વોર્નિંગ સ્ટ્રીપ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પુરપાટ આવતા વાહનો કોસ રસ્તા પાસે ધીમા જઈ જતા અકસ્માતનો ખતરો ટળી શકે શહેરના મુખ્યમાર્ગો પર ચાર રસ્તા પાસે સિગ્નલ કાર્યરત થયા બાદ પણ મુખ્યમાર્ગો પરથી પસાર થતા વાહનોની સ્પીટ ઘટી નથી અલબત્ત સિગ્નલ ક્રોસ કર્યા બાદ વાહનો તુરંત જ સ્પીડ પકડતા માર્ગ સલાતમી જોખમાઈ રહી છે. શહેરમાં ગતિ નિયંત્રણનો અમલ હજુ પણ થતો નથી. જેના લીધે નગરમાં પૈડા પરની જિન્દગી જોખમાઈ છે. એકબાજુ કોસ રસ્તાઓ બંધ કરવાની યોજના પણ હજુ અધ્ધરતાલ છે. ક્રોસ રસ્તા બંધ કરવામાં આવે તો અકસ્માતનુ પ્રમાણ નહીંવત થઈ જાય તેવો અનેકવાર સુર ઉઠવા પામ્યો છે. જયારે સર્વેના અંતે પણ શહેરના મુખ્યમાર્ગો પરના ક્રોસ રસ્તા જાનલેવા અકસ્માત માટે જવાબદાર હોવાનુ સ્પષ્ટ થયુ છે. છતા કોઈ પગલા લેવાતા નથી.

## મહત્વની બેઠક

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

રિપોર્ટ પણ મનપાએ જ કરવાનો છે. સીંગલ યુઝ પ્લાસ્ટીક પર પ્રતિબંધ લાદ્યા પછી એકત્ર થયેલા જિલ્લાભરના પ્લાસ્ટીક વેસ્ટને મોટા શહેરની લેન્ડફિલ્ડ સાઈડ પર લાવવા અને તેના નિકાલની યોગ્ય વ્યવસ્થા કરવા સરકારે સૂચનાઓ આપી હતી. શહેરમાંથી જ સાત હજાર કિલોથી વધુ પ્લાસ્ટીક એકત્ર કરવામાં આવ્યુ હતુ પરંતુ હજુ તેના નિકાલની વ્યવસ્થા કરવામાં તંત્ર ઉણુ ઉતર્યુ છે.

ઘનકચરાના નિકાલ માટે ટ્રોમીલ આવી પણ હજુ તે કાર્ય કરતી થઈ નથી આ બધી પરિસ્થિતિમાં આજે પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ અને કલેક્ટર તરફથી શુ સૂચનાઓ અપાય છે તેને લઈ અનેક તર્ક વિતર્ક વહેતા થયા છે.

ગ્રામીણ વિસ્તારોમાં સ્વચ્છતા અભિયાન અંગે પણ લેવાયેલા પગલાંઓની વિગતો રજુ થવાની છે. મળતી વિગતો પ્રમાણે સ્વચ્છતા દર્પણ કાર્યક્રમમાં જિલ્લો રાજ્યમાં ચોથા ક્રમે અને દેશમાં ૧ થી ૨૦ માં સ્થાન પામ્યો હોવાથી તંત્ર થોડીક રાહત જરૂર અનુભવી રહ્યુ છે. બીજુ સોલિડ વેસ્ટ મેનેજમેન્ટને લઈ આકરી સૂચનઓ આ તંત્રને પણ મળે તેવી શક્યતાઓ નકારાતી નથી.

છેલ્લી બેઠકમાં નેશનલ ગ્રીન ટ્રીબ્યુનલના ચુકાદામાં નિયત કરાયેલા માપદંડોમાં કોઈ બાંધછોડ નહિ કરાય તેવી સ્પષ્ટ સૂચના કલેક્ટરે આપી હતી. કલોલ નગરપાલિકાની લેન્ડફિલ્ડ સાઈટને ડેવલપ કરવાની કામગીરી થયેલ પ્રગતિને લઈ આ બેઠકમાં ચર્ચાઓ થશે તેમ મનાઈ રહ્યુ છે.

## હરેશ જાની

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કરી હતી.આજે સવારે ૧૦ કલાકે તેમના નિવાસ સ્થાનેથી અંતિમયાત્રા નિકળી હતી. સદગતની અંતિમયાત્રામાં નગરના બિલ્ડરો , બ્રહ્મસમાજના આગેવાનો, વિવિધ સંસ્થાઓના પ્રતિનિધિઓ, અંબાસણ અન્નપુર્ણા ટ્રસ્ટના આગેવાનો સહીત નગરના અગ્રણીઓ મોટી સંખ્યામાં તેમની અંતિમ યાત્રામાં જોડાયા હતા. હરેશ જાની છેલ્લા ઘણાં સમયથી બિમાર હતા. જયારે તેઓ અંબાસણ ગામ સ્થિત અન્નપુર્ણા મંદિરમાં પણ ઉમદા સેવા આપતા હતા. અંબાસણ ખાતે અન્નપુર્ણા ચેરીટેબલ ટ્રસ્ટના પ્રમુખ તરીકે પણ તેઓ સેવા આપતા હતા. અન્નપુર્ણા મંદિરનુ સંકુલ પણ તેમણે જ ડેવલપ કર્યુ હતુ. બ્રહ્મસમાજના આગેવાના હોવાની સાથે શહેર કોંગ્રેસ સમિતિના પણ પુર્વ મહામંત્રી તરીકે પણ તેમણે સેવા આપી હતી.જયારે જાણીતા બિલ્ડર હોવાની સાથે વાસ્તુશાસ્ત્રનુ પણ ઉંડુ જ્ઞાન ધરાવતા હોવાથી નગરજનોમાં વિશેષ લોકચાહના મેળવી હતી.

## હિમવર્ષા

● અનુસંધાન પહેલાનું ચાલુ

લોકો તથા હિમાચલમાં હિમવર્ષાની મજા માણવા પહોંચેલા લોકો મુશ્કેલીમાં મુકાઈ ગયા છે. જમ્મુ-કાશ્મીર, હિમાચલપ્રદેશ અને ઉત્તરાખંડમાં રેડ એલર્ટની જાહેરાત કરવામાં આવી છે. આ ત્રણેય રાજ્યોમાં ભારે હિમવર્ષાની સાથે સાથે ભેખડો ધસી પડવાની દહેશત રહેલી છે. હિમવર્ષાની સાથે સાથે મેદાની ભાગોમાં વરસાદ પડવાની પણ આગાહી હવામાન વિભાગ તરફથી કરવામાં આવી છે. ઉત્તરાખંડ માટે લોઅર લેવલના એલર્ટની જાહેરાત કરવામાં આવી છે. હવામાન વિભાગના ક્ષેત્રીય સેન્ટરના વડા બીપી યાદવનું કહેવું છે કે ઉત્તરાખંડમાં આવતીકાલે અને શકવારેના દિવસે અતિભારે હિમવર્ષા થઈ શકે છે. સામાન્ય રીતે ચારથી પાંચની સરખામણીમાં ઓછામાં ઓછા છ એક્ટીવ વેસ્ટર્ન ડિસ્ટબર્ન્સના પરિણામ સ્વરૂપે જાન્યુઆરી મહિનામાં હિમવર્ષા છેલ્લા કેટલાક વર્ષોમાં સૌથી વધુ રહી શકે છે. આ સિઝનની હિમવર્ષા અને ગયા વર્ષે જાન્યુઆરી મહિનામાં થયેલી હિમવર્ષામાં વ્યાપક અંત જોઈ શકાય છે.

રાજસ્થાન, પંજાબ, હરિયાણા, મધ્યપ્રદેશ, ઉત્તરપ્રદેશમાં તીવ્ર ઠંડી અને ધુમ્મસના કારણે ટ્રેન અને વિમાની સેવા પર અસર થઈ છે. જમ્મુ-કાશ્મીર અને હિમાચલના મોટાભાગના વિસ્તારોમાં પારો માઈનસમાં પહોંચ્યો છે.

## ૬ કરોડ ખેડૂતો

● અનુસંધાન પહેલાનું ચાલુ

પક્ષમાં નથી. આ રીતે કેન્દ્ર અને બંગાળ સરકારની તકરારમાં પશ્ચિમ બંગાળના ગરીબ ખેડૂતો પીસાઈ રહ્યાં છે, જેઓ આ યોજનાના લાભથી વંચિત છે. પ્રદેશના ખેડૂતોને આ યોજનામાં રસ છે, તેથી કેન્દ્ર સરકાર દ્વારા પીએમ કિસાન ખેડૂત સમ્માન નિધિ પોર્ટ પર ખેડૂતોએ ખુદ ઓનલાઈન રજિસ્ટ્રેશનનો વિકલ્પ આપ્યા બાદ પ્રદેશના ૪૫૦૦૦ ખેડૂતો આ યોજનામાં પોતાનું રજિસ્ટ્રેશન કરાવી ચૂક્યા છે. રજિસ્ટર્ડ ખેડૂતોને પીએમ-કિસાન સમ્માન નિધિનો લાભ ત્યારે જ મળશે, જ્યારે પશ્ચિમ બંગાળની સરકાર દ્વારા તેમના પાત્ર લાભાર્થી હોવાની ખરાઈ કરવામા આવશે. પીએમ કિસાન સમ્માન નિધિમાં એક ખેડૂત પરિવારને વાર્ષિક ૬૦૦૦ રૂપિયા સીધા તેમના ખાતામાં મોકલવામાં આવે છે. ત્રણ હપ્તામાં આ રકમને ચૂકવવામાં આવશે અને પ્રત્યેક હપ્તાની રકમ ૨૦૦૦ રૂપિયા થાય છે.